# જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, વડોદરા

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર
સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત

જાવક નં.: જી.ર.પ્ર.કે./૨૫૩/૨૦૨૫-૨૬ તા.૧૧/૦૬/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
વડોદરા.

**વિષય : ખેલમહાકુંભ ૨.૦ અને ખેલ મહાકુંભ ૩.૦ના રોકડ પુરસકાર બાબત**
**સંદર્ભ : તા.૧૦/૦૬/૨૦૨૫ની જાહેર વિજ્ઞપ્તિ.**

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવનુ કે, ખેલ મહાકુંભ ૨.૦ અને ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત જે કોઇ પણ વિજેતા ખેલાડી (તાલુકાકક્ષા, જિલ્લાકક્ષા)ના રોકડ પુરસ્કારનાં નાણા આજ દિન સુધી તેમના બેન્ક ખાતામાં જમા થયેલ ન હોય તેવા ખેલાડીઓએ તા.૨૦/૦૬/૨૦૨૫ પહેલા તેઓએ પોતાના રજીસ્ટ્રેશન અંગેની રસીદ તેમજ બેન્કની વિગત (કેન્સલ ચેક/ પાસબુકની પહેલા પાનાની નકલ) અત્રેની કચેરીના ઇમેલ એડ્રેસ dsdo-vadodara@gujarat.gov.in પર પોતાની વિગત મોકલી આપવી તેમજ રૂબરૂ અત્રેની કચેરી જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, વડોદરા જિલ્લા રમત સંકુલ, પરીવાર ચાર રસ્તા પાસે, રાજીવ ગાંધી સ્વીમીંગ પુલની બાજુમાં, વાઘોડીયા રોડ, વડોદરા ખાતે જમા કરાવવાની રહેશે. ઉપરોક્ત તારીખ સુધીમાં માહિતી ન આવે તો રોક્ડ પુરસ્કાર અંગેની જવાબદારી અત્રેની કચેરીની રહેશે નહી.

વધુમાં જણાવવાનુ કે, ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત વિજેતા ખેલાડી (તાલુકાકક્ષા, જિલ્લાકક્ષા) દ્વારા રોકડ પુરસ્કાર અંગેના ફોર્મ જમા કરાવ્યા ન હોય તે તમામ ખેલાડીઓએ પોતાના રોકડ પુરસ્કારનાં ફોર્મ તા.૩૦/૦૬/૨૦૨૫ પહેલા અત્રેની કચેરી ખાતે જમા કરાવવાના રહેશે.

જિલ્લા રમત ગમત અધિકારી
વડોદરા

જિલ્લા રમત વિકાસ અધિકારી
વડોદરા

બિડાણ :
૧. સંદર્ભિત જાહેર વિજ્ઞપ્તિ.

દિવ્ય ભાસ્કર અમદાવાદ 10-06-2025

# જાહેર વિજ્ઞપ્તિ

ખેલ મહાકુંભ ૨.૦ અંતર્ગત તાલુકાકક્ષા અને જિલ્લાકક્ષાએ વિજેતા ખેલાડીઓને રોકડ-પુરસ્કાર મળેલ ના હોય તે ખેલાડીઓએ પોતાના જિલ્લાના જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે ખેલ મહાકુંભ ૨.૦ રજિસ્ટ્રેશનની વિગત, બેંક ખાતાની પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ જમા કરાવવાની રહેશે. તેમજ રાજ્યકક્ષાના વિજેતા ખેલાડીઓ અને કોચીઝને રોકડ-પુરસ્કાર મળેલ ના હોય તે ખેલાડીઓએ ભાગ લેવા ગયેલ જિલ્લાના જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રનો સંપર્ક કરી ખેલ મહાકુંભ ૨.૦ રજિસ્ટ્રેશનની વિગત, બેંક ખાતાની પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ તા. ૨૦/૦૬/૨૦૨૫ સુધીમાં જમા કરાવવાની રહેશે. અને ત્યારબાદ રોકડ-પુરસ્કાર અંગેની માહિતી સ્વીકારવામાં આવશે નહી.

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત તાલુકા, જિલ્લાકક્ષા વિજેતા ખેલાડીઓને રોકડ-પુરસ્કાર મળેલ ના હોય તે ખેલાડીઓએ પોતાના જિલ્લાના જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી તેમજ જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે ખેલ મહાકુંભ ૩.૦ રજિસ્ટ્રેશનની વિગત, બેંક ખાતાની પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ જમા કરાવવાની રહેશે. તેમજ રાજ્યકક્ષાના વિજેતા ખેલાડીઓ અને કોચીઝને રોકડ-પુરસ્કાર મળેલ ના હોય તે ખેલાડીઓએ ભાગ લેવા ગયેલ જિલ્લાના જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી તેમજ જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રનો સંપર્ક કરી ખેલ મહાકુંભ ૨.૦ રજિસ્ટ્રેશનની વિગત, બેંક ખાતાની પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ તા. ૧૦/૦૭/૨૦૨૫ સુધીમાં જમા કરાવવાની રહેશે. અને ત્યારબાદ રોકડ-પુરસ્કાર અંગેની માહિતી સ્વીકારવામાં આવશે નહી.

વધુ માહિતી માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૭૪ ૬૧૫૧ અથવા વેબસાઈટ khelmahakumbh.gujarat.gov.in પર સંપર્ક કરવાનો રહેશે.

**માહિતી/૫૫૪/૨૦૨૫-૨૬**